# ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લાના ૮ને એ-વન ગ્રેડ

**ગત વર્ષની જેમ એ-વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા એક સરખી : એ-વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી મોટભાગના શહેરની વિવિધ શાળાના : એન કે સ્કુલ ઓફ કોમર્સના બે વિદ્યાર્થીઓ જયારે આર જી કન્યા વિદ્યાલયની એક વિદ્યાર્થીનીનો પણ સમાવેશ**

ગાંધીનગર તા ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયુ હતુ. ગત વર્ષની જેમ જિલ્લામાંથી ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. શહેરની એન કે સ્કુલ ઓફ કોર્મસ તેમજ આર જી કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓ પરિણામમાં ઝળકયા હતા. આ વર્ષે પરિણામ સૌ ટકા હોવાછતા એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા યથાવત છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ કોરોના કાળમાં ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ સહીત સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ રદ કરવામાં આવી હતી જયારે પરિણામ પણ ચોક્કસ નિતીના આધારે તૈયાર કરાયુ છે. આજે સવારે બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર કરાયુ હતુ જેના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓની પરિણામલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો હતો. જિલ્લામાંથી ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ગત વર્ષે પણ સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. જયારે કેન્દ્રનુ પરિણામ ૮૬.૬૮ ટકા રહ્યુ હતુ. આ વર્ષે પરીક્ષા લેવામાં આવી નથી જેના લીધે પરિણામની ટકાવારી સો ટકા છે પરંતુ એ વન ગ્રેડમાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી જ રહી છે. ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાંથી ૧૨૮૫૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે આ પૈકી ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ , ૨૮૮ ને એ ટુ, જયારે ૧૧૨૨ ને બી વન, ૨૪૯૬ ને બી ટુ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત ૪૦૧૧ ને સી વન, ૩૫૨૨ ને સી ટુ તેમજ ૧૧૦૬ ને ડી ગ્રેડ મળ્યો છે. જિલ્લામાંથી ૮ એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓ નગરની એન કે સ્કુલ ઓફ કોર્મસના છે. જયારે અન્ય એક વિદ્યાર્થીની કડી કેમ્પસની આર જી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની છે. કોરાના કાળમાં બોર્ડની પરીક્ષા લેવાઈ નથી જયારે વિદ્યાર્થીઓની આગળની કસોટી સહીતના પરિબળોને અનુલક્ષી સમગ્ર પરિણામ તૈયાર કરાયુ છે ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ પણ જાહેર કરી દેવાતા હવે પરિણામની મોસમ પુરી થઈ છે. બીજીતરફ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ગુજકેટ તેમજ નીટની પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

### એ-વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ

| | |
|---|---|
| જાનકી રસેન્દ્રસિંહજી ઝાલા | સે-૨૩ આર જી કન્યા વિદ્યાલય |
| હેત રાકેશભાઇ પટેલ | એન કે સ્કુલ ઓફ કોર્મસ |
| હેતવી પ્રવિણભાઇ પટેલ | એન કે સ્કુલ ઓફ કોર્મસ |





# સે. ૧૨માં કોરોનાનો એક કેસ નોંધાયો

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત સાતમા દિવસે એકેય કેસ નોંધાયો નથી : શહેર-જિલ્લામાં ૧૧ દર્દીઓ સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં બે દિવસ બાદ કોરોનાએ પુનઃ દેખા દીધી છે. શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં આજે સે. ૧૨માં રહેતી ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આ સાથે એક્ટીવ કેસના દર્દીઓની સંખ્યા વધીને ૬ થાય છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત સાતમા દિવસે પણ એકેય કેસ કોરોનાનો નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરમાંથી જે એક્ટીવ કેસ સારવાર હેઠળ છે તેમાંથી એક પણ દર્દીને રજા આપવામાં આવી નથી.

જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે. જિલ્લામાં રિકવરી રેટ પણ ૮૫ ટકાથી ઉપર નોંધાયો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં હાલ ૧૧ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# શહેરના સ્થાપના દિવસની સેકટરોમાં શાનદાર ઉજવણી કરાશે

**નગરની ૨૧ સેવા સંસ્થાઓ ૩૩ જેટલા સેવાકાર્યોની મહેંક પ્રસરાવશે : ૧૦૮ ની જેમ ૮૦૧ નામની એમ્બ્યુલન્સ સેવાનું પણ લોકાર્પણ કરાશે : આસ્થા સેવા યજ્ઞના હેમરાજ પાડલીયા સહીતની ટીમ દ્વારા વિવિધ સેવાકાર્યોનુ આયોજન**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે નગરની ૨૧ જેટલી સેવા સંસ્થાઓ દ્વારા વિવિધ ૩૩ જેટલા સેવા કાર્યો હાથ ધરાશે. જેમાં ખાસ કરીને ૧૦૮ ની જેમ ૮૦૧ નામની એમ્બ્યુલન્સ સેવાનુ પણ લોકાર્પણ કરાશે આ ઉપરાંત વૃક્ષારોપણ, વકતૃત્વ સ્પર્ધા, દિપ રોશની સાથે કોરોનાના કપરા કાળમાં સમાજ સેવા કરતા વોરિયર્સનુ પણ સન્માન કરાશે.

આગામી તા ૨ ઓગષ્ટના રોજ ગાંધીનગરના સ્થાપના દિવસ નિમિત્તે નગરમાં સેવા કાર્યે કરતી વિવિધ ૨૧ સંસ્થા દ્વારા ૩૩ થી વધુ સ્થળો પર અનેક વિધ સેવાના ઉમદા કામો કરીને નગરના જન્મદિવસની ઉજવણી કરાશે. આ તબક્કે ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગન પરિવારોને અનુલક્ષીને ૧૦૮ ની જેમ ૮૦૧ નામે એમ્બ્યુલન્સ સેવાનુ પણ લોકાર્પણ કરાશે. આસ્થા સેવા યજ્ઞ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા તેમજ ઋષિવંશી સમાજ સેવા , યુવા ફોર ન્યુ ઈન્ડિયા તેમજ લોકકલ્યાણ ટ્રસ્ટ જેવી સેવાકાર્ય કરતી ૨૧ જેટલી સંસ્થાઓ એક મંચ પર આવીને નગરમાં ૩૩ જેટલા સેવાકાર્યો થકી સ્થાપના દિવસની શાનદાર ઉજવણી કરશે આ અંગે આસ્થા સેવા યજ્ઞના સ્થાપક પ્રમુખ હેમરાજભાઈ પાડલીયા, માનદમંત્રી મહેન્દ્ર દાસ, તેમજ સહયોગી જીલુભા ધાંધલે જણાંવ્યા મુજબ સ્થાપના દિવસ નિમિત્તે ગરીબ તેમજ મધ્યમવર્ગના પરિવારો માટે ૧૦૮ ની જેમ ૮૦૧ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરાશે. જયારે શહેરના બાળકોમાં સર્વાંગી કૌશલ્યને ઉજાગર કરવા ચિત્ર સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવશે. મારા કલ્પનાનુ ગાંધીનગર ના દિવ્ય સ્વપ્નને સાકાર કરવાના ઉમદા આશય અને વિષય સાથે આ ચિત્ર સ્પર્ધા યોજાશે. આ ઉપરાંત ગ્રીન સીટી અને ક્લીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે શહેરમાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાશે. જયારે કોરોના કાળમાં વોરિયર્સ તરીકે કામ કરીને ઉમદા સમાજ સેવા કરનારા મુક્તિધામના સ્ટાફનુ પણ સન્માન કરાશે. આ ઉપરાંત બાળકો દ્વારા કેક કપાશે અને સેકટરોમાં દેશભક્તિના ગીતો ગુંજશે. આ દરમિયાન બાળકો માટે સ્થળ પર નાસ્તા વિતરણની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વેક્સિનેશનની ગતિ ધીમી પડતી જાય છે

**આજે માત્ર વેક્સિનેશનના બીજા ડોઝ માટે અભિયાન**

**જિલ્લામાં ૨,૨૧,૯૦૭ લોકોને જ બન્ને ડોઝ અપાયા છે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં વેક્સિનેશન અભિયાનમાં ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં આજે ૮૬૯૨ લોકોને અભિયાનમાં આવરી લેવાયા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૪૬૭ લોકોને આજે વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા. આ સાથે જિલ્લામાં આજ સુધીમાં ૫,૦૪,૫૮૨ લોકોને પ્રથમ ડોઝ અને ૧,૩૩,૨૬૬ લાભાર્થીઓને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪૨૨૫ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લામાં ગઈકાલની તુલનામાં આજે ઓછા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

દરમ્યાન જિલ્લામાં આજે વેક્સિનેશનના માત્ર બીજા ડોઝ માટેનું વિશેષ અભિયાન હોઈ તંત્રએ આ માટેની તમામ તૈયારીઓ પુરી કરી લીધી છે. વધુમાં વધુ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં વેક્સિનેશન અભિયાનમાં ૧૦,૨૦,૧૨૭ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જો કે જિલ્લામાં બીજો ડોઝ માત્ર ૨,૨૧,૯૦૭ લોકોને જ અત્યાર સુધીમાં આપવામાં આવ્યો છે. જેમાં ગ્રામ્યવિસ્તારમાં ૧,૩૩,૨૬૬ અને શહેરમાં ૮૮,૬૩૧ લોકોને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

**સચિવાલય ફેડરેશને મુખ્યમંત્રી - નાયબ મુખ્યમંત્રીને પત્ર લખી કહ્યુ**

# કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચ અંતર્ગત અન્ય ભથ્થા અંગે પણ નિર્ણય લો

ગાંધીનગર, તા. ૩૧

ધી ગુજરાત સચિવાલય ફેડરેશને રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને એક પત્ર લખી સાતમા પગાર પંચ અંતર્ગત વિવિધ ભથ્થાઓનો લાભ આપવા માંગ કરી છે. ફેડરેશનના પ્રમુખ જયેશ રાવલ અને મહામંત્રી મહેશસિંહ વાઘેલાએ લખેલા પત્રમાં જણાવ્યુ છે કે સાતમા પગારપંચ અંતર્ગત એચ.આર.એ., સી.એલ.એ. મેડીકલ એલાઉન્સ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, એજ્યુકેશન એલાઉન્સ જેવા લાભથી રાજ્યના કર્મચારીઓ આજે પણ વંચિત છે.

તેમણે આ પત્રમાં જણાવ્યુ છે કે ભથ્થાઓની ચૂકવણી માટે જે સમિતિ રચવામાં આવી છે તેની બેઠક સત્વરે બોલાવી આ અંગે નિર્ણય લેવો જોઈએ. તેમણે આ ભથ્થાઓ ૧-૧-૧૬ની અસરથી આપવાનો પણ નિર્ણય લેવો જોઈએ તેવી માંગ કરી છે.

બે પાનાના લખેલા પત્રમાં આ આગેવાનોએ રાજ્ય સરકારે ભથ્થાઓ આપવાના કરેલા સૈદ્ધાંતિક નિર્ણયને સરાહનીય લેખાવી ઝડપથી આ બાબતે નિર્ણય લેવામાં આવે તેવો આગ્રહ કર્યો છે. પાંચ વર્ષ પછી પણ ભથ્થાઓ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી તે દુઃખદ હોવાનું પણ પત્રમાં આગેવાનોએ જણાવ્યું છે.

# જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારોમાં ૧૨૭ સ્થાનો પર મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો આજે સઘન સર્વેલન્સ અભિયાન અંતર્ગત જિલ્લામાં ઔદ્યોગિક વિસ્તાર, વસાહત, કોમર્શીયલ કોમ્પલેક્સમાં ત્રાટકી હતી.

જિલ્લામાં આજે ૨૨૫ ઔદ્યોગિક વસાહતો, કોમર્શીયલ કોમ્પલેક્સના ૧૬૮૫ મચ્છરોના સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી હતી. આ પૈકી ૧૨૭ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમોએ તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી. છેલ્લા એક સપ્તાહથી ચાલતા આ સર્વેલન્સનો આજે

● અનુસંધાન પાન-૭ પર

# વેપારીઓ માટે રસીકરણની મુદત ૧૫ ઓગસ્ટ કરાઈ

**રસીની અછત અને વેપારીઓની ઉદાસીનતા બંન્નેના કારણે હજી મોટા પ્રમાણમાં વેપારીઓ રસીકરણથી વંચિત છે**

ગાંધીનગર, તા.૩૧

રાજ્યમાં વેપારી, ફેરિયા, હોટેલ- રેસ્ટોરન્ટ સહિતના વેપારી એકમોના માલિકો, સંચાલકો અને સ્ટાફને કોવિડ-૧૯ સામેની વેક્સિન લેવા માટે ૩૧ જુલાઈને શનિવારે છેલ્લો દિવસ હતો. રસી ન લેનાર વેપારી ૧ ઓગસ્ટથી ધંધો કરી શકશે નહી તેવી પણ જાહેરાત કરવામાં આવી હતી. જો કે રસીની અછત અને વેપારીઓની ઉદાસીનતા બંન્નેના કારણે હજી મોટા પ્રમાણમાં વેપારીઓ રસીકરણથી વંચિત છે. જેના કારણે વેપારી એસોસિએશનની માંગ હતી કે, રસીકરણ અંગેની તારીખ લંબાવવામાં આવે. જેના પગલે સરકાર દ્વારા વેપારીઓ માટે ફરજીયાત રસીકરણની તારીખ લંબાવીને ૧૫ તારીખ કરી દેવામાં આવી છે. રાજ્યમાં વેપારીઓ-સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓ માટે કોરોના વેકસીનેશન ફરજિયાત લેવાની સમયમર્યાદા તા.૧૫મી ઓગસ્ટ ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વેપારીઓ-સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓ માટે વેકસીનેશન લેવાની સમયમર્યાદા તા.૩૧ જુલાઈએ પૂર્ણ થતી હતી તે હવે તા.૧૫ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. જેના કારણે હવે વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.


અત્રે ઉલ્લેખનીય છે કે, જીસીસીઆઈ દ્વારા ૩૧ જુલાઈની મર્યાદાને ૧૫ ઓગસ્ટ સુધી લંબાવવા માટે માંગ કરી હતી. સમય મર્યાદા ઓછી પડતી હોવાથી વધુ સમય મર્યાદા વધારવા માંગ કરી હતી. ૫૦ ટકા ઉપર વેપારીઓનું રસીકરણ પુરૂ થઈ ગયું હોવાનો અંદાજ છે. શહેરના વેકસીનેશન સેન્ટરો પર વેપારીઓની ભીડ જોવા મળી રહી હતી. મણિનગરના સ્વામિનાયરણ વેક્સીનેશન સેન્ટર પર લાંબી લાઈનો જોવા મળી હતી. ૩૧ મી જુલાઈ અને શનિવારે રસીકરણ કેન્દ્ર ઉપર પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગર શો-પીસ નથી પરંતુ નાગરિકોને રહેવા માટેનું શહેર છે : અરૂણ બુચ

**આવતીકાલે સવારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ પરંપરાગત રીતે પાટનગરનો ૫૭મો સ્થાપના દિવસ ઉજવશે : 'એક સેક્ટર- એક ગામ'ના કોન્સેપ્ટ આધારિત મૂળભૂત આયોજનને કોરાણે મૂકી આડેધડ રીતે કરવામાં આવી રહેલા વિકાસ કાર્યો સામે વસાહત મહામંડળના પ્રમુખે સવાલો ઉઠાવ્યા**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા શહેરના ૫૭મા સ્થાપના દિનની ઉજવણી આ વર્ષે પણ પરંપરાગત રીતે સવારે ૯.૩૦ કલાકે જીઇબી કોલોની ખાતે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવશે. આ બાબતની જાણકારી આપતા વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે પાટનગરના મૂળભૂત આયોજનને કોરાણે મૂકી આડેધડ રીતે કરવામાં આવી રહેલા વિકાસ કાર્યો સામે સવાલો ઉઠાવ્યા હતા તેમજ સત્તાધીશોને વિનંતી કરી હતી કે 'ગાંધીનગર શહેર એ કોઈ શો-પીસ નથી પરંતુ નાગરિકોને રહેવા માટેનું શહેર છે, તેને તે નાગરિકોની જરૂરિયાતો અનુસાર વિકસાવો, વિકાસથી આનંદ થશે પરંતુ રકાસ ના થવો જોઈએ.'



ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે આજે પત્રકારો સાથે વાતચીતમા જણાવ્યુ હતું કે "ગાંધીનગર શહેરને જે આયોજનબદ્ધ રીતે વિકસાવવાનું પ્લાનીંગ કરવામાં આવ્યું હતું તે મૂળભૂત આયોજન મુજબ શહેરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે કે કેમ તે બાબતે સંશોધન કરવાનો સમય પાકી ગયો છે. ગાંધીનગરમાં દુબઈની જેમ જૂનું શહેર તેના મૂળભૂત આયોજન સાથે અકબંધ રાખીને નવું ગાંધીનગર કેમ વિકસાવી ના શકાય?" ગાંધીનગરના મૂળભૂત આયોજનમાં દરેક સેકટરમાં બે સરકારી શાળાઓ, પોસ્ટ ઓફિસ, રંગમંચ, પોલીસ સ્ટેશન વગેરેનું આયોજન હતું જે "એક સેક્ટર-એક ગામ"ના કોન્સેપ્ટ આધારિત વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૦ની સરકારી સ્કૂલ બંધ થઈ જતાં નજીકના ઝૂંપડપટ્ટી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી ૧૨૦ દીકરીઓએ અભ્યાસ છોડી દીધો, તેને માટે કોણ જવાબદાર? ગાંધીનગરમાં કુલ ૧૨ અંડરપાસ બનાવાયેલા હતા તે કેમ બંધ કરી દેવામાં આવ્યા? આ અંડરપાસ ફરી ખોલીને તેનું નવીનીકરણ કરવું જોઈએ. ઘ-૪નો અંડરપાસ સ્વર્ણિમ પાર્કને ધ્યાનમાં રાખીને વિકસવાયો છે પરંતુ વિકાસ હમેશા નાગરિકોને ધ્યાનમાં રાખીને કરવો જોઈએ. સેક્ટરોની કમ્પાઉન્ડ વોલ હવે અપ્રસ્તુત છે અથવા તેને નાગરિકોની જરૂરિયાતને અનુલક્ષીને વિકસાવવી જોઈએ. વસાહતીઓનો પરંપરાગત રસ્તો અવરોધાશે તો તેઓ દીવાલ તોડી જ નાખશે, નાગરિકો માટે રસ્તો હોય કે રસ્તા માટે નાગરિકો? ફૂટપાથની અંદરની ધાર સુધી ફેંસિંગ આવી ગયા છે અને કમ્પાઉન્ડ વોલ દબાણ માટે આડશ તરીકે ઉપયોગમાં લેવાય છે.

અરૂણભાઈ બુચે જણાવ્યુ હતું કે "ગાંધીનગર જેની જમીન પર વિકસાવાયુ છે તે જમીન આપનારાઓને ન્યાય ના મળે ત્યાં સુધી આ શહેરનું ભલું શક્ય નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના સમયે દરેક રાજકીય પક્ષે વાયદો કર્યો હતો કે પાંચ વર્ષ સુધી મિલકત વેરો લાગુ નહીં પાડીએ પરંતુ સત્તા હાથમાં આવતા જ બધુ ભૂલી ગયા. ગાંધીનગરમાં અત્યારે જે પણ નવા અધિકારી આવે છે તે ગાંધીનગરની સમસ્યાનો અભ્યાસ કરે, તેને સમજે અને પછી તેનો ઉકેલ શોધીને અમલ કરે તે પહેલા તો તેમની બદલી થઈ જાય છે, તેમને શહેરની સમસ્યાનો ઉકેલ શોધીને તેના અમલીકરણ માટે સમય જ મળતો નથી."

### ખોડિયારથી પસાર થતી ટ્રેનો વાયા ગાંધીનગર કરો તો કેપિટલ રેલ્વે સ્ટેશન સાર્થક

તાજેતરમાં સરકાર દ્વારા રિનોવેટ કરાયેલા કેપિટલ રેલ્વે સ્ટેશન અને નવી બનાવાયેલી ફાઈવસ્ટાર હોટેલ અંગે અરૂણભાઈ બુચે કહ્યું હતું કે "ગાંધીનગર નજીકના ખોડિયાર રેલ્વે સ્ટેશનેથી ૩૮ ટ્રેનો પસાર થાય છે જો તે ટ્રેનો વાયા ગાંધીનગર થઈને જાય તેવું ના કરવાનું હોય તો પછી કેપિટલ રેલ્વે સ્ટેશન વિકસાવવાનો મતલબ શો? પાલનપુર, આબુ રોડ તરફ જતી ટ્રેનો વાયા ગાંધીનગર થઈને જ જાય તેવું કરવું જરૂરી છે. ગાંધીનગરના સર્કિટ હાઉસમાં જે રૂમની સુવિધા ઉપલબ્ધ છે પરંતુ તે પણ મોટા ભાગના ખાલી રહે છે તો શહેરમાં વધુ ૩૧૮ રૂમવાળી ફાઈવસ્ટાર હોટેલ વિકસાવવાની શી જરૂર હતી?"

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com